ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૩૫/૨૦–૨૧/ 647 તારીખ : 19 FEB 2021

**આર.પી.એ.ડી.**

| કેસ નં.૩૫/૨૦–૨૧ |
|---|

પ્રતિ,
**શ્રી ભીખાભાઈ ધનજીભાઈ કથીરીયા,**
અનંતવાડી, સરદારનગર સોસાયટી,
પ્લોટ નં–૧૨, નવજીવન સોસાયટી ની સામે,
**ભાવનગર.**

**મો.નં. ૯૩૨૧૭ ૧૫૫૪૧/૯૩૭૪૨ ૦૭૮૫૫**

**વિષય : લાઈટ બિલ વધુ રકમનું આવવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.નીલ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૭/૦૮/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૫/૨૦–૨૧/૩૧૮૪ તા.૧૫/૦૯/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૫/૨૦–૨૧/૩૯૬૦ તા.૧૨/૧૧/૨૦૨૦.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૫/૨૦–૨૧/૪૨૮૬ તા.૧૫/૧૨/૨૦૨૦.
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૫/૨૦–૨૧/૪૯૦ તા.૦૮/૦૨/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૫/૦૨/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
શહેર વિભાગીય કચેરી–૨, **ભાવનગર.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ચિત્રા.**

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૩૫/૨૦–૨૧** ☜

વાદી :– **શ્રી ભીખાભાઈ ધનજીભાઈ કથીરીયા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૧૫/૦૨/૨૦૨૧** ◈

હાજર રહયા :– **શ્રી ભીખાભાઈ ધનજીભાઈ કથીરીયા – (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી પી.જી.પરીખ, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ભીખાભાઈ ધનજીભાઈ કથીરીયા, મું.ભાવનગર ની લાઈટ બિલ વધુ રકમનું આવવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૩૫/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૫/૨૦–૨૧/૩૧૮૪ તા.૧૫/૦૯/૨૦૨૦.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૬/૧૧/૨૦૨૦, તા.૨૯/૧૨/૨૦૨૦ તથા તા.૧૫/૦૨/૨૦૨૧** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, **તા.૧૫/૦૨/૨૦૨૧** ના રોજ વાદી પોતે શ્રી ભીખાભાઈ ધનજીભાઈ કથીરીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી પી.જી.પરીખ, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીની રજૂઆત મુજબ ચાલુ વર્ષમાં મે–જુન ના લોકડાઉન દરમ્યાન અમારો ધંધો બંધ હોવા છતાં, અમોને વધારે વિજ બિલ આપેલ છે.

૧.૨ લોકડાઉન દરમ્યાન અમારે ફકત કોલ્ડરૂમ જ ચાલુ હોય અને અમારૂં પ્રોડકશન યુનિટ બંધ હોવા છતાં, ખૂબ જ વધારે વિજબિલ આપેલ છે.

૧.૩ અમોને મીટર બદલતી વખતે કોઈપણ કાગળ આપેલ નથી તેમજ મીટર ટેસ્ટીગ માટે લેબોરેટરીમાં લઈ ગયેલ તેનો ટેસ્ટ રીપોર્ટ પણ અમોને મળેલ નથી.

૧.૪ તો આપને યોગ્ય કરવા વિનંતી.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ– તેમની રજૂઆત છે કે,</u>**

૨.૧ અરજદારશ્રી ભીખાભાઈ ધનજીભાઈ કથીરીયા, ગ્રાહક નં–૮૧૫૨૬/૦૩૦૮૬/૧ થી ચિત્રા જીઆઈડીસી ખાતે ઔધોગીક હેતુ માટે વિજ જોડાણ ધરાવે છે. જેનો પ્રકાર ડેરી પ્રોડકટ (ગોકુલ કેરીનો રસ) છે.

૨.૨ સદર ગ્રાહકનો PRT રીપોર્ટ અભ્યાસ કરતાં, તેઓને તા.૧૭/૩/૨૦૨૦ ના રોજ એવરેજ ૧૩૯૦ યુનિટ નું તેમજ તા.૨૭/૫/૨૦૨૦ ના રોજ એવરેજ ૧૩૯૦ યુનિટ નું સ્થળ પર લોક ના પ્રોવિઝનલ બિલ આપવામાં આવેલ.

૨.૩ ત્યારબાદ, માહે જુન–૨૦ બિલ્ડ ઈન જુલાઈ–૨૦ નું તા.૪/૭/૨૦૨૦ ના રોજ સ્થળ પરના મીટર વાંચન મુજબ ટોટલ ૧૧૬૧૦ યુનિટ નું રકમ રૂા.૬૪,૪૪૬/૪૪ નું બિલ કંપની ના નિયમાનુસાર આપવામાં આવેલ છે.

૨.૪ ઉપરોકત વિજ બિલ PRT મુજબ ફેબ્રુઆરી–૨૦ થી જુન–૨૦ એટલે કે, કુલ–૧૩૬ દિવસ નું વિજ વપરાશ મુજબ આપવામાં આવેલ છે. જેમાંથી, ગ્રાહક દ્વારા ભરપાઈ કરેલ પ્રોવિઝનલ બિલો ની રકમ રૂા.૨૨૬૯૫/૬૪ બાદ કરેલ છે.

૨.૫ જેના અનુસંધાને અરજદારશ્રી દ્વારા તા.૮/૭/૨૦૨૦ ના રોજ રસીદ નં–૪૪૭૮૩૮ થી ૪૦ દ્વારા રૂા.૩૦૦/– + ૧૮% જીએસટી ભરી ફાસ્ટ મીટર રીપ્લેસમેન્ટ માટે અરજી કરેલ.

૨.૬ તા.૧૬/૭/૨૦૨૦ ના રોજ પેટા વિભાગીય કચેરી, ચિત્રા દ્વારા સદર ગ્રાહકનું મીટર બદલાવેલ અને જુનું મીટર ગ્રાહકની હાજરીમાં પેપરપેક કરી મીટર ટેસ્ટીંગ લેબમાં ચકાસણી અર્થે મોકલાવેલ.

૨.૭ તા.૩૦/૭/૨૦૨૦ ના રોજ સદર મીટરને લેબોરેટરી ખાતે અરજદારશ્રી ના પ્રતિનિધિની હાજરીમાં ટેસ્ટ કરવામાં આવેલ તેમજ મીટરનો MRI રીપોર્ટ પણ લેવામાં આવેલ. જે આ સાથે સામેલ છે.

૨.૮ મીટર ટેસ્ટીંગ રીપોર્ટ અને MRI ડેટા ચકાસતાં, મીટર OK આવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar *

૨.૯ મીટર ના MRI ડેટા નીચે મુજબ છે.

| Billing Reset Date | Active Energy Cumm. (KWH) | MD(KW) |
|---|---|---|
| 01.12.2019 | 5694.40 | 13.384 |
| 01.01.2020 | 6937 | 4.85 |
| 01.02.2020 | 8178 | 6.15 |
| 01.03.2020 | 9679 | 6.40 |
| 01.04.2020 | 11561 | 6.44 |
| 01.05.2020 | 13931 | 6.88 |
| 01.06.2020 | 16851 | 10.37 |
| 01.07.2020 | 20294 | 10.67 |

આમ, ઉપરોક્ત માહિતી પરથી મીટર માં જંપ હોય એવું જણાતું નથી. તેમજ મીટરમાં ડીસે–૧૯ માં નોંધાયેલ MD – 13.384 KW કરતા ફરીયાદીના ફરીયાદના સમયગાળા દરમ્યાન ની MD – 10.67 KW ઓછી જ નોધાયેલ છે. જે પરથી તારણ મળી શકે છે કે મીટરમાં કોઈ જંપ નથી.

૨.૧૦ વધુમાં, ગ્રાહકનો દરરોજ નો એવરેજ વિજ વપરાશ ગ્રાહકને તા.૪/૭/૨૦૨૦ ના રોજ આપવામાં આવેલ વિજ બિલ (તા.૧૯/૨/૨૦૨૦ થી તા.૪/૭/૨૦૨૦) મુજબ ૮૫.૩૬ યુનિટ આવે છે. જે ફેબ્રુ–૨૦ માસમાં ગ્રાહકનો વિજ વપરાશ શરૂ હતો તે સમયગાળા દરમ્યાન તેની એવરેજ ૯૫ યુનિટ ની હતી.

૨.૧૧ આથી, ગ્રાહકને તા.૪/૭/૨૦૨૦ ના રોજ ૧૧૬૧૦ યુનિટ નું રેગ્યુલર બિલ આપવામાં આવેલ છે તે બરાબર છે અને કંપની ના પ્રવર્તમાન નિયમો મુજબ ભરવાપાત્ર છે.

જે આપ સાહેબની જાણ સારૂં.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી ભીખાભાઈ ધનજીભાઈ કથીરીયા, ચિત્રા જીઆઈડીસી, માં LTMD ટેરીફ હેઠળ થ્રી ફેઈઝ વિજ જોડાણ ૧૫ કિ.વો.નું ગ્રાહક નં–૮૧૫૨૬/૦૩૦૮૬/૧ થી ધરાવે છે. વાદી ઔધોગીક વિજ જોડાણમાં કેરીનો રસ તથા તેની પ્રોસેસ માટેનું કોલ્ડ સ્ટોરેજ પ્રકારનું વિજ જોડાણ છે.

૩.૨ પ્રતિવાદી તરફથી તા.૧૯/૨/૨૦૨૦ ના રોજ વાદીના વિજ જોડાણ ના મીટર ના રીડીંગ ૮૯૮૨ મુજબ ૨૬૬૩ યુનિટ ની વપરાશનું વિજ બિલ આપવામાં આવેલ. ત્યારબાદ, તા.૧૭/૩/૨૦૨૦ અને તા.૨૭/૫/૨૦૨૦ ના રોજ લોક નું સ્ટેટસ કરી ૧૩૯૦ યુનિટ ના વપરાશનું વિજ બિલ આપવામાં આવેલ. તા.૪/૭/૨૦૨૦ ના રોજ પ્રતિવાદીના મીટર રીડરે વાદીના વિજ સ્થાપન ના મીટર પર ૨૦૫૯૨ રીડીંગ નોંધી અને ૧૧૬૧૦ યુનિટ ની વિજ વપરાશનું વિજ બિલ આપેલ છે. આ વિજ બિલ વાદીને વધુ જણાતા, વાદીએ ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૩ વાદીનું તા.૪/૭/૨૦૨૦ નું વિજ બિલ ૧૧૬૧૦ યુનિટ ની વપરાશનું હોવાથી વાદીની મીટર બદલવાની તેમજ મીટર ટેસ્ટીંગ ની રજૂઆત પરથી પ્રતિવાદીએ તા.૧૬/૭/૨૦૨૦ ના રોજ મીટર બદલાવેલ. જે સમયે વાદીના વિજ મીટર માં નોંધાયેલ રીડીંગ ૨૧૪૫૦ હતા.

૩.૪ વાદીના વિજ સ્થાપન પરથી તા.૧૬/૭/૨૦૨૦ ના રોજ બદલાવેલ મીટર ને પ્રતિવાદીએ વાદીની હાજરીમાં તા.૩૦/૭/૨૦૨૦ ના રોજ મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં મીટર તેમજ તેના પરના સીલોનું પરીક્ષણ કરતા બરાબર માલૂમ પડેલ. પ્રતિવાદીએ રજૂ કરેલ વાદીના મીટર નો ટેસ્ટ રીપોર્ટ નં–૨૩૨૨ તા.૩૦/૭/૨૦૨૦ મુજબ મીટર નો એકયુરસી ટેસ્ટ –૦.૦૫ % એટલે કે, " Within Permissible Limit " આવેલ. આમ, મીટરનો એકયુરસી ટેસ્ટ બરોબર માલૂમ પડેલ.

૩.૫ પ્રતિવાદીએ વાદીના વિજ સ્થાપન પરના મીટર નં– PT 241092 નો બિલીંગ MRI ડેટા રીપોર્ટ રજૂ કરેલ છે. MRI ના બિલીંગ ડેટા મુજબ તા.૧/૭/૨૦૨૦ ના રોજ મીટર ના રીડીંગ ૨૦૨૯૪ .૩૫૦૨ જોવા મળેલ છે. જયારે, તા.૪/૭/૨૦૨૦ ના રોજ પ્રતિવાદીના મીટર રીડર એ સ્થળ પર જઈ લીધેલ રીડીંગ ૨૦૫૯૨ જોવા મળેલ છે. તેમજ વાદીએ રજૂ કરેલ પ્રતિવાદીનો PRT-145 માં મંથ વાઈઝ રીડીંગ અને MRI ના બિલીંગ ડેટા માં દર્શાવેલ મંથ વાઈઝ રીડીંગ લગભગ એક સરખા જણાય છે. આથી, એવું તારણ કાઢવામાં આવે છે કે, પ્રતિવાદી ના મીટર રીડરે બનાવેલ વિજ બિલ ખરેખર વિજ વપરાશ મુજબ ના બનાવેલ છે.

૩.૬ વાદીના વિજ સ્થાપન પરનો વિજ વપરાશ કોલ્ડ સ્ટોરેજ માટે થતો હોય, આ પ્રકારના લોડમાં લોડ કન્ટીન્યુસ ચાલુ રહેતો હોય છે. તેમજ લોક ડાઉન ની અસર તેના પર નહીવત જોવા મળે. આથી,પ્રતિવાદીએ આપેલ તા.૪/૭/૨૦૨૦ નું ૧૧૬૧૦ યુનિટ નું વિજ બિલ યોગ્ય છે. અને વાદીએ ભરવાપાત્ર છે.

૩.૭ વાદીના વિજ સ્થાપન પરના મીટરના MRI ડેટા તેમજ વાદીને આપવામાં આવેલ માસીક બિલ ના રીડીંગ બરાબર હોઈ અને MRI ડેટા માં મીટરનું એબ્નોર્મલ રીડીંગ જણાતું ન હોઈ, વાદીએ તા.૪/૭/૨૦૨૦ નું ૧૧૬૧૦ યુનિટ નું બિલ ભરી આપવું.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**-:: હુકમ ::-**

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૬ અને ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(પી.એન.આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :- ૧૫/૦૨/૨૦૨૧.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar